# श्री आदिनाथ वीनती पूजा

सं. डो. रसीला कडीआ

प्रस्तुत कृतिनी नकल ला.द.भा.विद्यामन्दिर, अमदावादना त्रूटक पुस्तक परथी करी छे, अने श्री लक्ष्मणभाई भोजके आ कृतिने उकेलवामां मार्गदर्शन आप्युं छे ते बदल तेमनी तथा संस्थानी हुं ऋणी छुं.

एक ज पत्रनी आ प्रत छे. आ प्रतमां लेखन संवत आपवामां आवी नथी पण लेखनरीति उपरथी १९मो शतक अनुमानी शकाय तेम छे. कृतिने अन्ते 'पं. सुधाभूषणशिष्येणालेखि०' जणाव्युं छे. श्रीलक्ष्मीसागरसूरिना श्रीजिनमाणिक्य अने तेमना शिष्य अनन्तहंसे आ वीनती रची होवानुं २२मी कडीमां उल्लेखायुं छे. गच्छपति रत्नशेखरसूरिना शासनमां आ रचेल छे.

कृतिमां लखाण घणुं ज छेकछाकवाळुं छे. केटलेक स्थळे वर्णव्यत्यय थयो छे. अनुस्वारोनो उपयोग घणो छे. २१मी कडीने अन्ते 'इति श्री आदिनाथ वीनती पूजा' लख्या बाद अने ए ज हस्ताक्षरमां नीचे तथा हांसियामां २२मी अने २९मी कडीओ आपेली छे जेने लिप्यन्तरमां में सळंग लीधी छे.

प्रस्तुत कृतिमां कविए शत्रुंजय यात्रा करीने श्री आदिनाथ भगवानने भेटवानी कविनी तीव्र उत्कंठा प्रगट करी छे. प्रभुप्रतिमानुं वर्णन कर्युं छे तेमां आ भाव सुपेरे प्रगट थाय छे. अहीं कविए सिद्धाचल पर सिद्धिने वरेलां सौने याद कर्या छे. पछी पोते पण प्रभु विरहमां केवा झूरे छे अने भवे भवे तेमने भेटवा आतुर छे ते तेना भाव सदृष्टान्त वर्णनमां प्रगट थाय छे. 'क्युं न भये हम मोर, विमलगिरि' ए जाणीती स्तवनपंक्तिनी पेठे कवि अहीं पण विमलगिरि पर वसतां अने नित्य सुप्रभाते प्रभुपदे नमतां पंखीओनां जीवननी कृतार्थता-धन्यताने स्मरे छे. पोते पण वादळने जोईने नृत्य करतां मोरनी पेठे, चंद्र अने चकोरनी पेठे शेत्रुंज शिखरने जोईने हैये हरखे छे.

'श्रीआदिनाथ वीनती' नामक कृतिओ अनेक उपलब्ध छे. तेमां आ कृति उमेरारूप छे अने अभ्यासीओने रस पडे तेवी छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आदिनाथ वीनती पूजा

सुणी सेत्रुजा सिहरि श्रृंगार हार, घणा दिवसनुं अलं(ल)जउ हुं अपार.
व्यु(यु)गादीस हुं वंदिसु सीस नामी, करुं वीनती आपणुं साम पामी. १

धन **ललत सरोवर** तणी पालि, करइ कलिवर (कलरव) कोईला अंब डालि
धन् सरल सोहामणी साद चंग, सुणिं श्रवणिं जे उपजइ मनह रंग. २

चडिउ पावडी जेतलइ भवण केरी, तव प्रभु तणी भेटि लाधी भलेरी,
दोइ लेप आरा(र)स मूरति निहाली, इस्युं तीरथ नथी सेत्रुंज टाली. ३

हीई हरखनी वेलडी आज ऊगी, मुझ मांडली आज आसीस पूगी.
धन नयणले जे युगादीस दीसइ, धन वयणलां जे प्रभु वीनवीसइ. ४

भलइ पामीउ माणसु अे जम्म सारु, भलइं लेटिओ श्रावक-ओज मारु.
भलइ जइ आविउ सेत्रुज सिहरि राज, भलइ भेटिओ आपणुं सामी आज.५

हिव हेल दे बाल जिम नमिसु आज, मन रुलीअ हुं मागिसुं मुगति राज,
गुण गाईसिउं प्रभु तणा मधुर सादि किवारीइ वली वंदिसु श्री युगादि. ६

जाउं आंखि ऊआरणइ रिसहनाह, तोरी भमुहडी भामणह गुणसंणाह.
तोरी बाहुडी हुं ले लाहर जीऊं(?) गुण ताहारा अंगना रंगि गाऊं. ७

इणि रवि तलि रूअडउं सहू अछइ, पिणि प्रभु तणा निरपम रूप पछइ
धन ते जण जात्रइ तुम्हारी जाई चडइ चैत्र वदि जनम आठमि जाणी. ८

धन चेत्र पूनिम नमुं सीस नीमी, जिहां पंचकोडि पुंडरीक सिद्धिगामी.
ने(न)मि-विनमि दोइ कोडिसुं सिद्धिगामी, सदा सेविवउ सेत्रुज सिहरी सामी.९

इहां अहूठ क्रोडि जादवकुमर सीधी सही, सेत्रुज सिहरि पुहवी प्रसिद्ध.
दस कोडिसिउ द्रविडनइ वाइ(रि)खिल्ल इहां उपन्नुं नाण एकलमल्ल. १०

इहां पांच पांडव वली वीस कोडि, गया सिद्धि वंदउ करकमल जोडि
इहां सिद्धि संख्या लहुं नहि अपार, करुं तेहनइ सविहुनु जुहार. ११

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इहां राइणि रुंख रूडउं निहालु, तिहां आपणां पापी(प)ना ताप टालुं
समोसरण हूआं जिहां जिण अणंत, धन ते प्रभु वंदिअ विजयवंत. १२

सुणिसु रूअडा रूअडा रयण सार, तारी अंखडी दिइ मझ अेकवार.
जिम वंदिइ वली वली मनह रंगि प्रभु आपणु सेत्रुंज सिहरि श्रृंगि. १३

मोरु मन रहिउ ताहीरइ चलणि लागी, तव तुम्ह कन्हइ आज नइ सुगति
म(मु)गति मागी.
एह तीरथ सासतुं सिद्धखेत्र, युगादीस जाणे जिहां जगहनेत्र. १४

वसइ विमलगिरि उपरि पंखजाति, धन प्रभु पय नितु नमंइ सुप्रभाति
छहरी पालतां जे जण करइं जात्र, तेह नितु नितु निरमल हुंइ गात्र. १५

अरे विषय वयरी तुझ न हीअ लाग, तुज परि उपनु मुज विराग
अरे मोह मतंग तु हारी नासि, हवइ आपणुं ठाम ते करीसुं विमासी. १६

जगि जेहनी कहनइ नही पाडि, तेहू भुजबलि भागीअ कर्म धाडि
मिलिवउ ठाकुर आपणु तु आज़ हेव, सोई समरथ सेत्रुज धणीअ देव. १७

अेह दरसणि दुर्गति दोइ नासिइं, एह दरसण छूटि गर्भवासइ
अछइ एतलुं एह संसार सर करइं, त्रिभुवन तीरथ जे जे हार. १८

जिम मनस सरोवरे रायहंस, तिम तुज गुणि मोरडउ रमइ हंस
जिम मधुर करमालती रमइ रंगि, मन माहरुं सेत्रुज सिहरि श्रृंगि १९.

जिम जलधर पेखि, नाचंति मोरा, हीइ हरखीइ जीम चं[द]चकोरा.
तिम सेत्रुज सिहरि हुं रंगि लीण उ करुं वनती केतली बुद्धिहीणुं. २०.

धन घडीअ वेला, दिन, वरिस, करइ सेत्रुज नर जे सिहरि वास
धणी वनंती एह ज वात सारी ली, भवि भवि भेटि देज्यो तुम्हारी. २१

सिरि **लच्छिसायर** जगदिवायर **सीस जिनमाणिक** गुरो.
तस सीसलेसइ **अनंतहंसइ** थुणिओ सेत्रुंज गिरिवरो. २२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सिरि रयणसेहरसूरि**सेहर पट्ट गयण दिवाकरो.
रिसह जिणवर अमृत विर बोधि बीज सुहंकरो. २३

इति श्री आदिनाथ वीनती पूजा
पं. सुधाभूषणशिष्येणालेखि.

## अघरा शब्दोनी यादी

| | | |
|---|---|---|
| युगादीस | – | आदिनाथ |
| अलजउ | – | आतुर |
| हेल | – | धक्को |
| किवारीइ | – | क्यारेक |
| भमुहडी | – | भ्रमर |
| उआरण | – | ओवारणुं |
| सासतु | – | शाश्वतु |
| भामणह | – | भामणां-ओवारणां लेवा |
| अहूठ | – | साडा त्रण |
| सिहर | – | शिखर |
| साम | – | सामीप्य |
| कळिवर | – | कळरव |
| मांडली | – | वर्तुळ/मंडळ |
| ताहीरइ | – | ताहरा/तारा |

★★★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 'प्रमाणसार' विषे

अनुसन्धान-२५ (सप्टे.२००३)मां प्रकाशित, मुनीश्वरसूरिरचित 'प्रमाणसार' नामे लघुग्रन्थ परत्वे स्पष्टता करवानी के ए ग्रन्थ १९७३मां L.D.Series (no. 41)अमदावादमां डो. नगीन जे. शाह द्वारा सम्पादित 'जैन दार्शनिक प्रकरण सङ्ग्रह' नामे ग्रन्थमां सम्पादन-प्रकाशन पामेलो छे, ए बाबत हजी हमणां ज, फेब्रुआरीमां ज ध्यान पर आवेल छे. जो के सम्पादन माटे उपयोगमां लेवायेली हस्तप्रति, अमारा द्वारा उपयुक्त प्रतिओ करतां साव भिन्न छे, अने तेने कारणे वाचनामां पण क्यांक थोडोक तफावत जोवा मळे छे. 'अनुसन्धान' माटे आ ग्रन्थनुं सम्पादन हाथ धरतां अगाउ, आनी वधु प्रतिओ मेळववाना तथा वधु जाणकारी मेळववाना हेतुथी L.D.I.I. पर बेएक पत्र पाठवेला. परंतु कोई पण कारणसर तेना जवाब मने मळेल नथी.

हमणां में आ बन्ने सम्पादनो मेळव्यां छे, बन्नेनी तुलना करतां 'अनुसन्धान'नी वाचनामां जे पाठ खूटे छे के जे पाठमां क्षति रही छे के ज्यां पाठभेद जणाया छे, तेनी नोंध नगीनभाई-सम्पादित वाचनामांथी लईने अत्रे आपवामां आवे छे. बन्ने वाचनाओमां तथा सम्पादनमां कांईक ने कांईक क्षति तो नीकळवानी ज. अहीं आपेल आ नोंधथी एक वाचना वधु शुद्ध अन वधु पूर्ण थशे तेनो आनन्द छे.

अनु. २५नुं सम्पादन भावनगरनी तथा लींबडीनी मळीने कुल बे प्रतिओना आधारे थयुं छे, ज्यारे नगीन शाहना सम्पादननो आधार L.D. ना श्रीपुण्यविजयजी-सङ्ग्रहगत प्रति रही छे.

ग्रन्थनी प्रस्तावनामां श्रीनगीनभाईए नोंध करी छे ते प्रमाणे, 'प्रमाणसार'ना रचयिता श्रीमुनीश्वरसूरि वृद्धगच्छना आचार्य हता, तथा तेमनो सत्तासमय विक्रमना १५मा शतकनो उत्तरार्ध हतो. तेमनी गुरुपरम्परामां श्रीदेवाचार्य, जिनरत्नसूरि, तिलकसूरि, भद्रेश्वरसूरि वगेरे हता.

नगीनभाईना सम्पादननी विशेषता ए छे के तेमणे ग्रन्थमां आवतां उद्धरणोनां शक्य एटलां मूळ स्थानो शोधीने नोंध्यां छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हवे पाठभेदादि नोंधीए :

१. ग्रन्थारम्भे ४ मङ्गलश्लोको छे, ते पछी एक आखो गद्यखण्ड आ प्रमाणे न.मां मळे छे, जे अनु. मां उमेरवो जोईए -

"ननु सम्बन्धाभिधेयप्रयोजनवत् प्रकरणकरणं स्यात् । इह ज्वरप्रसरादिशेषशिरोरत्नोपदेशवदशक्यानुष्ठानाभिधेयं 'दश दाडिमानि षडपूपाः कुण्डमजाजिनं' इति सम्बन्धवन्ध्यं च जनन्याः पाणिपीडनोपदेशवदनभिमतप्रयोजनं स्यात् । तत्र प्रेक्षाचक्षुषः क्षोदिष्ठमपि प्रवृत्तिं न प्रारभन्ते । तदिह प्रमाणसारावबोधे निखिलं सिद्धम् । तदिद० । (अनु. पृ. २१ पं. ३)

२. अनु.मां 'श्रीमुनीश्वरसूरीन्द्रैः' ए पांचमो क्रमाङ्क धरावतो श्लोक छे, ते न. प्रमाणे, 'प्रमाणसार'नो अन्तिम श्लोक छे. अने ए ज उचित लागे छे. (पृ. २१, पं. ५)

३. हवेना पाठशोधन वगेरेनी तालिका आ प्रमाणे :

| अनु. (२५) पृ.क्र. | पंक्ति क्र. | पाठ | न.पाठ |
|---|---|---|---|
| २१ | ७ | ननु प्रमाणिकानां | तेषां प्रामाणिकानां |
| २१ | ९ | आदितोऽत्र | आदितः । अत्र |
| २१ | १० | न, तद्विप्रमिणोतीति | प्रमिणोतीति |
| २१ | १० | आत्मा वा प्रमाणम् । न, | आत्मा वा, प्रमाणं न, |
| २१ | ११ | प्रमेयं वा प्रमाणम् । न, | प्रमेयं वा, प्रमाणं न, |
| २१ | १६ | कर्मविलक्षणत्वाद् | कर्मविलक्षणं तद् |
| २२ | ४ | तर्जन्या० | कृततर्जन्या० |
| २२ | २३ | (ऽसत्तावादिन् ?) | अयोग्यमिदं संशोधनम् । |
| २२ | २५ | कथा० | [च]कथा० |
| २२ | २५ | नाम । अद्वैतं | नाम अद्वैतं, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| २३ | १ | असिद्धमसिद्धेन | असिद्धम् । असिद्धेन |
| २३ | २ | किं सिद्ध्यै | किं सिद्ध्येद् |
| २३ | १६ | चैत्यमानं | चेत्यमानं |
| २३ | २२ | स्वव्यवस्थाया अ० | स्वव्यवस्थयाऽव० |
| २४ | ५ | निर्नीतार्था: | निर्णीतार्था: |
| २५ | १ | ०क्षणे । अप्रा० | ०क्षणे अप्रा० |
| २५ | ७ | गुण: । यथा- | गुण: । क्रमभावी पर्याय: । गुण: कथम् ? यथा- |
| २५ | ८ | गुण: । क्रमभावी पर्याय: । यथा- | गुण: । पर्याय: कथम् ? यथा- |
| २५ | १७ | इह प्रत्ययो | यथा- इहप्रत्ययो |
| २५ | २६ | ०नर्थक्रियाकारि | ०नर्थक्रियाकारी |
| २५ | २७ | सम्बन्धाभावो | सम्बन्धभावो |
| २६ | ३ | स्ववाचकत्व० | स्वस्ववाचकत्व० |
| २६ | १० | घटशब्दोच्चारणेति(ऽपि) | घटशब्दोच्चारणे सति |
| २६ | १७ | शब्दार्थानुपलभ्येते ?।त० | शब्दार्थावुपलभ्येते त० |
| २६ | १९ | मुधामद्वि(?) | सुधा(धी)मद्भि० |
| २६ | २५ | युक्तं तत्स्वीकृतं | युक्त्यन्तरेण स्वीकृतं |
| २७ | २ | तीर्थैः | तीर्थ्यैः |
| २७ | ३ | अत्यन्त व्या० | अत्यन्तव्या० |
| २७ | ५ | गोत्वगोत्व० | गोत्वं गोत्व० |
| २७ | ७ | विशेषार्पका: | विशेषात्मका: |
| २८ | १८ | सरलस्वरन्ध्र० | सरल: स्वरन्ध्र० |
| २८ | २२ | वृषस्यन्ती प्रतिवादिषिङ्ग० | वृषस्यन्तीं प्रति षिङ्ग० |
| २९ | २ | प्रतीक्षते | प्रतीक्ष्यते |
| २९ | ३ | 'सदेव स' | 'सदेव सत्' |
| २९ | १० | ०मसत्त्वं च वि० | ०मसत्त्वं च, न वि- |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| २९ | २५ | कुलालादि, | कुलालादि [घटे], |
| ३० | २७ | ०पराकाराश्रय० | ०पराकारोदय० |
| ३० | २८ | धारश्चैतदिति | धारश्चैक इति |
| ३० | २८ | त्रयमिति न्यायावलीढं वचः | त्रयमयं तत्त्वं तथाप्रत्ययात् |
| ३१ | १२ | बोधच्युता | बाधच्युता |
| ३१ | १८ | सङ्ख्याप्रति० | सङ्ख्याविप्रति० |
| ३१ | १९ | ०पतिमुसन्ति | ०पत्तिमुस(मुदस्य)न्ति |
| ३२ | ४ | भाना | भागा |
| ३२ | ६ | सर्वजातौ | सर्व[गत]जातौ |
| ३२ | १० | सिद्धमेव | ऽसिद्धमेव |
| ३२ | १८ | चक्षुरादि० | चक्षुरादेः |
| ३२ | १९ | ननु | न तु |
| ३२ | २५ | अक्षशब्द० | अक्षिशब्द० |
| ३३ | ७ | श्रोत्राण्येन्द्रिय० | श्रोत्राण्यन्ये (श्रोत्रान्येन्द्रिय०) |
| ३३ | १४ | तर्कतज्ञः | तर्कतज्ज्ञः |
| ३३ | १७ | ०देव । मनसो | ०देव मनसो |
| ३३ | २२ | ०ऽर्थावग्रहः । क्रमा० | ०ऽर्थावग्रहः क्रमा० |
| ३३ | २३ | ०माशूत्पादात् । ज्ञानो० | ०माशूत्पादात् ज्ञानो० |
| ३३ | २७ | क्षेत्रावधिरूपिद्रव्यगोचरं । भव० | क्षेत्रावधि रूपिद्रव्यगोचरं भव० |
| ३४ | १५ | पछी १ श्लोक उमेरो :<br>तस्मादनुष्ठानगतं ज्ञानमस्य विचार्यताम् ।<br>प्रमाणं दूरदर्शी चेदेते गृध्रानुपास्महे ॥ | |
| ३४ | २३ | ०ररूपम् । | ०रभूतम् । |
| ३५ | ३ | ०मुत्पादयतः ।<br>०मस्तीति चेत् । | ०मुत्पादयतः<br>०मस्तीति च । |
| ३५ | ९ | ०व्रजितादि० | ०व्रजितार्यादि० |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ३५ | १४ | पदार्थस्य । तत्त० | पदार्थस्य तत्त० |
| ३६ | १० | प्रतिषेधाश्च | प्रतिषेधाच्च |
| ३६ | १७ | इत्याप्त० | इति । आप्त० |
| ३६ | २३ | गोत्र १ | गोत्व १ |
| ३७ | ६ | ०र्भवद्भिरहरहः | ०र्भवद्भिर्वाचोयुक्तीनां धुरि भवद्भिरहरहः |
| ३७ | ७ | कुर्महे हेच्छाः | कुर्महे महेच्छाः |
| ३७ | १६ | युक्त्या जातः | युक्त्याऽऽयातः |
| ३७ | १८ | उभयम् । | उभयं समस्ति । |
| ३८ | ४ | कृतकत्वात् | कृतकृत्यत्वात् |
| ३८ | १० | लालग्यात् । अतो० | लालग्यात् । अशरीरश्चेत् किं पिशाचादिवददृश्य इति ? तद्वत् चेत् तर्ह्यकिञ्चित्कर एव। अतो० |
| ३८ | १४ | निमित्ति० | निमित्त० |
| ३८ | २१ | मोक्षं विभ० | मोक्षेऽभिव्य० |
| ३८ | २३ | ०वयवाः । पञ्चावयवं | ०वयवाः पञ्चावयव= |
| ३८ | २६ | ०पदार्थानां | ०तत्त्वानां |
| ३८ | २७ | सम्बन्धसम्बद्धसन्नि | सम्बन्धसन्नि० |
| ३८ | २८ | नैयायिकाः सिद्धम् । | नैयायिकाः । |
| ३९ | २ | यौगाः | योगाः |
| ३९ | १७ | माने | माने (मणि) |
| ३९ | १७ | जपन्त्यङ्गं | जपन्त्यन्नं |
| ४० | ४ | महदहंकार० | महदहंकारः |
| ४० | ४ | पञ्चतन्मात्राणि पछी उमेरण- | [एकादशेन्द्रियाणि पञ्च भूतानि चेति] |
| ४० | १२ | कारणाभावा० | कारणभावाभावा० |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ४० | १४ | कारणस्य रूप० | कारणस्वरूप० |
| ४० | १८ | वैशेषिकैस्तु द्रव्य० | अथ वैशेषिकाः । द्रव्य० |
| ४१ | २२ | ब्रह्म विवर्त्त० | ब्रह्मविवर्त्त० |
| ४१ | २२-२३ | ये(यै?) रेवादिदतया | गेहेनर्दितया |
| ४२ | ५ | जलं [तथा]तेजो | जलं तेजो |
| ४२ | १० | अभू(भि?)भूय | प्रभूभूय |

'प्रमाणसार'ना त्रण परिच्छेदोनो सरस परिचय तथा उद्धरणोनां मूल स्रोतो विषे जाणवा इच्छनारे नगीन जी. शाह द्वारा सम्पादित ग्रन्थनी भूमिका जोवा भलामण छे.

शी.

★★★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org